# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 04-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં કહ્યું કે, ‘આગામી 10 વર્ષમાં વધુ 75 હજાર મેડિકલ બેઠકો વધારવાનો સરકારનો લક્ષ્યાંક
2) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, આર્થિક વિકાસ દર અને મોંઘવારીને કાબૂમાં લેવી તે સૌથી મોટો પડકાર.
3) સર્વોચ્ચ અદાલતે તિરુપતિ મંદિર પ્રસાદ વિવાદ મામલે તપાસ માટે સ્વતંત્ર વિશેષ તપાસ ટીમની રચના કરવાનો આદેશ આપ્યો.
4) ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં થયેલા માર્ગ અકસ્માતમાં દસ લોકોના મોત અને ત્રણ લોકો ઇજાગ્રસ્ત.
5) I.C.C. મહિલા ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે મેચ રમાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***GANDHINAGAR AMIT SHAH***

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'આગામી 10 વર્ષમાં બીજી 75 હજાર મેડિકલ સીટ વધારવાનો સરકારનો લક્ષ્યાંક છે. ગાંધીનગરના અડાલજ ખાતે હીરામણિ આરોગ્યધામ – ડે કેર હૉસ્પિટલનું લોકાર્પણ કરતાં શ્રી શાહે કહ્યું કે, 'આર્થિક રીતે નબળા, મધ્યમ વર્ગ અને ગ્રામીણ ક્ષેત્રના લોકોને ધ્યાનમાં રાખીને હીરામણિ આરોગ્યધામ બનાવવામાં આવ્યું છે. સરકારે ફક્ત મેડિકલ કૉલેજની બેઠક જ નથી વધારી, પરંતુ દેશમાં અનેક મેડિકલ હૉસ્પિટલ બનાવવાનું પણ કામ કર્યું છે.'

(બાઈટ – અમિત શાહ – કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી)

## *FM CONCLAVE*

કેન્દ્રીય નાણામંત્રીએ કહ્યું કે આર્થિક વિકાસ દર અને મોંઘવારીને કાબૂમાં લેવાનો વર્તમાન સમયમાં સૌથી મોટો પડકાર છે. નવી દિલ્હીમાં ત્રીજા કૌટિલ્ય ઇકોનોમિક કોન્કલેવ 2024નું ઉદઘાટન કરતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે કહ્યું હતું કે એક દાયકામાં ભારતનું અર્થતંત્ર પાંચમા સ્થાને પહોંચી ગયું છે. મધ્યમ વર્ગના લોકોના વિકાસ પર પણ ધ્યાન આપવા ઉપર તેમણે ભાર મૂક્યો હતો.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો અને નીતિ તૈયાર કરનારા 150થી વધુ પ્રતિનિધિઓ આ કોન્કલેવમાં ભાગ લઇ રહ્યાં છે. આજથી 6 ઓક્ટોબર સુધી યોજનારા આ કોન્કલેવને આજે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સંબોધશે.

## *SC TIRUPATI HEARING*

સર્વોચ્ચ અદાલતે તિરુમાલા તિરુપતિ મંદિરમાં પ્રસાદમના લાડુમાં ભેળસેળયુક્ત ઘીના ઉપયોગ અંગેના આરોપોની તપાસ કરવા માટે સ્વતંત્ર વિશેષ તપાસ ટીમની

રચના કરવાનો આદેશ આપ્યો છે. સ્વતંત્ર એસઆઈટીમાં સીબીઆઈના બે અધિકારીઓ અને આંધ્રપ્રદેશ પોલીસના બે અધિકારીઓ તથા ભારતીય અન્ન સલામતી અને ધારાધોરણ સત્તામંડળના બે વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થશે. સીબીઆઈ ડાયરેક્ટર દ્વારા આ સમગ્ર કેસની તપાસની દેખરેખ રાખવામાં આવશે.

સર્વોચ્ચ અદાલત ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી, રાજ્યસભાના સાંસદ અને ભૂતપૂર્વ અધ્યક્ષ, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ, વાયવી સુબ્બા રેડ્ડી અને ઈતિહાસકાર વિક્રમ સંપથ અને આધ્યાત્મિક પ્રવચન વક્તા દુષ્યંત શ્રીધર દ્વારા દાખલ કરાયેલી વિવિધ અરજીઓની સુનાવણી કરી રહી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, આ મામલે આરોપો અને પ્રતિ-આરોપોની યોગ્યતા પર હાલમાં કંઈપણ અવલોકન કર્યું નથી અને અદાલતનાં નિર્ણયનો રાજકીય યુદ્ધના મેદાન તરીકે ઉપયોગ કરવો જોઈએ નહીં તેવો પણ મત વ્યક્ત કર્યો હતો. અગાઉની સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે પુરાવા વિના આરોપો સાથે જાહેરમાં જવા અંગે ચંદ્રાબાબુ નાયડુને પ્રશ્ન કર્યો હતો. ગયા મહિનાની 18મી તારીખે, શ્રી નાયડુએ આક્ષેપ કર્યો હતો કે અગાઉના વાયએસ જગન મોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન તિરુપતિ લાડુ તૈયાર કરવાના ઉપયોગમાં લેવાતા ઘીમાં પશુ ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ આરોપ બાદ મોટો રાજકીય વિવાદ થયો હતો.

## *PREZ RAJASTHAN*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, ‘આધ્યાત્મિકતાનો અર્થ ધાર્મિક થવું અથવા સાંસારિક કાર્યોનો ત્યાગ કરવાનો નથી, પરંતુ આધ્યાત્મિકતાનો અર્થ પોતાની અંદર રહેલી શક્તિને ઓળખી પોતાના વ્યવહાર અને વિચારોમાં શુદ્ધતા લાવવી તેવો છે. રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઇશ્વરિય વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત “સ્વચ્છ અને સ્વસ્થ સમાજ માટે આધ્યાત્મિકતા” વિષયવસ્તુ પર વૈશ્વિક

સંમેલનમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, ‘આજે વિશ્વમાં અનેક જગ્યાએ અશાંતિનું વાતાવરણ છે. માનવીય મૂલ્ય જોખમમાં છે. આવા સમયે શાંતિ અને એકતાનું મહત્વ વધી ગયું છે.’

સુશ્રી મુર્મૂએ ઉમેર્યું કે, ‘આજે જ્યારે આપણે ગ્લોબલ વૉર્મિંગ અને પર્યાવરણ પ્રદૂષણની પ્રતિકૂળ અસરનો સામનો કરી રહ્યા છીએ ત્યારે આ પડકારોનો સામનો કરવા માટે શક્ય તમામ પ્રયાસ કરવા જોઈએ. માનવીએ એ સમજવું જોઈએ કે, તે આ ધરતીનો સ્વામી નથી, પરંતુ પૃથ્વીના સંરક્ષણ માટે જવાબદાર છે. આપણી આધ્યાત્મિકતા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો માર્ગ છે.

## *RAJNATH SINGH CII SIDM*

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ‘ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં નવી સિદ્ધિ હાંસલ કરી છે. સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં અમારા વિચાર સંપૂર્ણપણે સ્પષ્ટ છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના પ્રયાસ પણ વધી રહ્યા છે. આત્મનિર્ભરતાના પ્રયાસોને હજી વધારે વૉકલ કરવામાં આવશે. હાલમાં દેશમાં 5 હજારથી વધુ સંરક્ષણ સાધનોનું નિર્માણ થઈ રહ્યું છે. આજે આપણે દેશમાં ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસનું વાતાવરણ બનાવ્યું છે.’

નવી દિલ્હીમાં ભારતીય સંરક્ષણ ઉત્પાદકો – C.I.I. S.I.D.M.ની વાર્ષિક બેઠકને સંબોધતા શ્રી સિંહે ઉમેર્યું કે, ‘ભારત સંરક્ષણ નિકાસ તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સંરક્ષણ આયાત ઘટાડવાના અમારા પ્રયાસ છે.

## *MID BREAK- NEWS-NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## *TELANGANA-DEFAMATION*

દક્ષિણની ફિલ્મોના વરિષ્ઠ ફિલ્મ અભિનેતા એ નાગાર્જુને તેલંગાણાના રાજ્ય મંત્રી કે. સુરેખા સામે માનહાનિનો કેસ દાખલ કર્યો છે. હૈદરાબાદની નામપલ્લી અદાલતમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં નાગાર્જુને કોંગ્રેસ નેતા સુરેખા પર જાણીજોઈને જૂઠ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે આ સાથે તેમની વ્યક્તિગત, વ્યાવસાયિક અને પારિવારિક પ્રતિષ્ઠાને કલંકિત કરીને રાજકીય લાભ લેવાના ઉદ્દેશ્ય સાથે કે. સુરેખાનું  નિવેદન દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી કરવામાં આવ્યું  હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જો કે બાદમાં મંત્રી સુરેખાએ પોતાની ટિપ્પણી પાછી ખેંચી લીધી હતી.

## *PM-SHYAMJI VARMA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. મોદીએ શ્યામજી કૃષ્ણ વર્માની અતૂટ ભાવના અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને યાદ કર્યા હતા.. તેમણે કહ્યું કે શ્યામજી કૃષ્ણ વર્માના ક્રાંતિકારી કાર્યોએ દેશની આઝાદીના સંકલ્પમાં નોંધપાત્ર શક્તિનો સંચાર કર્યો.

## *NEW UP- MIRZAPUR ACCIDENT*

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં આજે વહેલી સવારે થયેલા એક માર્ગ અકસ્માતમાં દસ લોકોના મોત થયા છે અને ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

મિર્ઝાપુર-વારાણસી સરહદ નજીક 13 મજૂરોને લઈ જઈ રહેલી ટ્રેક્ટર ટ્રોલીને પાછળથી ટ્રકે ટક્કર મારતા આ ઘટના સર્જાઈ હતી. ઇજાગ્રસ્તોને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળી રહે તે માટેની તંત્રને સૂચના આપી હતી.. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં મૃત્યુ પામનારા લોકો અંગે શોક વ્યક્ત કર્યો હતો તેમજ મૃતકોના વારસદારોને બે-બે લાખ તથા ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. મિર્ઝાપુરના સાંસદ, કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે આ ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

## *BIHAR FLOOD*

બિહારમાં પૂરની સ્થિતિ ગંભીર બનતા દરભંગા, પૂર્વ ચંપારણ, ખાગરિયા અને મુઝફ્ફરપુર જિલ્લા પ્રભાવિત થયા છે. બાગમતી, કમલા બાલન, અધવારા જેવી નદીઓમાં પૂર આવવાથી અનેક ગામો ડૂબી ગયા છે અને 18 જિલ્લામાં 16 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. જ્યારે સુપૌલ, સીતામઢી અને પશ્ચિમ ચંપારણ જિલ્લાઓ સહિત ઘણા ભાગોમાં પૂરના પાણીમાં ઘટાડો થયો છે. મુખ્યમંત્રી નીતીશ કુમાર આજે પૂરગ્રસ્ત વિસ્તારોમાં ખાદ્ય સામગ્રી અને અન્ય વસ્તુઓના વિતરણ સહિત ચાલી રહેલા રાહત કાર્યની સમીક્ષા કરવા દરભંગા પહોંચ્યા હતા.

## *CRICKET WOMENS T20 WC*

I.C.C. મહિલા ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે મેચ રમાશે. હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ આજે દુબઈમાં ન્યૂઝિલેન્ડ સામે પોતાના વિશ્વકપના અભિયાનનો પ્રારંભ કરશે. દરમિયાન બપોરે રમાનારી મેચમાં વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમાશે. આકાશવાણી F.M. રેઈન્બો ચેનલ પર સાંજે સાત વાગ્યે મેચની લાઈવ કોમેન્ટ્રી હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રસારિત કરશે.

ગઈકાલે શારજાહમાં રમાયેલી સ્પર્ધાની બીજી મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને 31 રનથી હરાવ્યું હતું. પાકિસ્તાન માટે સાદિયા ઈકબાલે ત્રણ વિકેટ લીધી, જ્યારે ફાતિમા સના, ઓમૈમા સોહેલ અને નશરા સંધૂએ 2-2 વિકેટ લીધી હતી. પાકિસ્તાને પહેલા બેટિંગ કરીને 20 ઑવરમાં બધી વિકેટ ગુમાવી 116 રન બનાવ્યા હતા. તેના જવાબમાં શ્રીલંકાની ટીમ 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી માત્ર 85 જ બનાવી શકી.

## *EU HELP-LEBANON*

યુરોપિયન યુનિયને લેબનોન માટે 3 કરોડ યુરોની માનવતાવાદી સહાયની જાહેરાત કરી છે. હિઝબુલ્લા સાથે ઈઝરાયેલનો સંઘર્ષ વધ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. લેબનોનમાં EU પ્રતિનિધિમંડળના નિવેદન અનુસાર, નવું સહાય પેકેજ ગત રવિવારે જાહેર કરાયેલા 1 કરોડ યુરોથી વધારે છે.

સહાય પેકેજમાં તાત્કાલિક ખોરાક સહાય, આશ્રય, આરોગ્ય સંભાળ અને અન્ય આવશ્યક સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે. લેબનોન અને તેની આસપાસના વિસ્તારોમાં ઇઝરાયેલે કરેલા હવાઈ હુમલામાં લગભગ 12 લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા હોવાના અહેવાલ છે.